This Question Paper contains 12 printed pages.

Seat No.: | | | | | | | |

Sl. No. : 259920

# 154(G)

**(March, 2019)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ **6** વિભાગ અને **35** પ્રશ્નો છે.
2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પ આન્તરિક છે.
3) પ્રશ્નની સૂચના અનુસાર જવાબ લખો.
4) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
5) ફૂટપટ્ટી તેમ જ પેન્સિલનો ઉપયોગ જરૂરી છે.
6) ગણના માટે સાદા કેલ્ક્યૂલેટર નો ઉપયોગ કરી શકાશે.
7) નવો વિભાગ નવા પાના પર લખો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી તેનો જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

1) ભાગીદારોના ઉપાડ પરનું વ્યાજ એ ભાગીદાર માટે શું છે ?

(A) ખર્ચ (B) દેવું

(C) આવક (D) નુકસાન

2) જ્યાં વ્યક્તિગત કૌશલ્યનું મહત્ત્વ હોય ત્યાં પાઘડી ...... હોય છે.

(A) વધુ (B) ઓછી

(C) શૂન્ય (D) ઋણ

3) પૂનઃ મૂલ્યાંકન ખાતાંને ...... તરીકે ઓળખવામાં આવે છે ?

(A) મૂડી અનામત ખાતાં

(B) નફા નુકસાન ફાળવણી ખાતાં

(C) નફા - નુકસાન હવાલા ખાતાં

(D) નફા - નુકસાન ખાતાં



For More Papers Visit VisionPapers.in !!!
VisionPapers.in

4) જ્યારે ફક્ત નુફા - નુકસાનનું જૂનું પ્રમાણ જ આપેલ હોય ત્યારે બાકીના ભાગીદારોનું લાભનું પ્રમાણ = .........

(A) 1 : 1 (B) જૂનું પ્રમાણ

(C) મૂડીનું પ્રમાણ (D) શોધી શકાય નહિ.

5) પેઢીના વિસર્જન સમયે સામાન્ય અનામત ખાતાની બાકી કયા ખાતે લઈ જવામાં આવે છે ?

(A) માલ મિલકત નિકાલ ખાતે (B) રોકડ ખાતે

(C) નફા - નુકસાન ખાતે (D) ભાગીદારોના મૂડી ખાતે

6) નીચેનામાંથી કંઈ મૂડી કંપનીના પાકા સરવૈયામાં 'શેરમૂડી'ના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવતી નથી ?

(A) સત્તાવાર મૂડી (B) બહાર પાડેલી મૂડી

(C) અનામત મૂડી (D) ભરાયેલી મૂડી

7) ડિબેંચર એ કંપની માટે ........... છે.

(A) મૂડી (B) લેણું

(C) દેવું (D) મિલ્કત

8) ગુણોત્તરોની રજૂઆત કયા સ્વરૂપે થાય છે ?

(A) પ્રમાણના સ્વરૂપે (B) ટકાવારી સ્વરૂપે

(C) સમયના સ્વરૂપે (D) ઉપરના બધા જ સ્વરૂપે

9) ચાલુ મિલકતોમાંથી કંઈ મિલકત બાદ કરવાથી પ્રવાહી મિલકતો મળે છે ?

(A) સ્ટોક (B) રોકડ અને બેંક સિલક

(C) દેવાદારો (D) લેણી હુંડીઓ

10) રોકડ પ્રવાહ પત્રકમાં કેટલી પ્રવૃત્તિઓ હોય છે ?

(A) પાંચ (B) ચાર

(C) ત્રણ (D) બે



For More Papers Visit VisionPapers.in !!!

## વિભાગ - B

■ **નીચેના 11 થી 20 સુધીના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

11) પાઘડી એટલે શું ?

12) એકત્રિત નફાની વહેંચણી કઈ રીતે થાય છે ?

13) પુનઃ મૂલ્યાંકન ખાતું ક્યારે ઉધાર કરવામાં આવે છે ?

14) પેઢીના વિસર્જન સમયે અગાઉ માંડી વાળેલ ઘાલખાધ પરત મળે, ત્યારે તેની નોંધ ક્યાં થાય છે ?

15) જામીનગીરી પ્રીમિયમ એટલે શું ?

16) ડિબેન્ચર વટાવ એટલે શું ?

17) આડુ વિશ્લેષણ એટલે શું ?

**અથવા**

ઊભું વિશ્લેષણ એટલે શું ?

18) કયા ગુણોત્તરો દ્વારા કાર્યક્ષમતા મપાય છે ?

19) વેચાણ પડતર એટલે શું ?

20) ચૂકવેલ ડિવિડન્ડ કંઈ પ્રવૃત્તિમાં નોંધાય છે ?

## વિભાગ - C

■ **નીચેના 21 થી 26 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. દરેકના 3 ગુણ છે.** **[18]**

21) એક ભાગીદાર પેઢીમાંથી દર મહીનાને અંતે એકસરખી રકમનો ઉપાડ કરે છે. વર્ષના અંતે કુલ વાર્ષિક ઉપાડ રૂા. 12,000 કરેલ છે. જો ઉપાડ પર વાર્ષિક 12% લેખે વ્યાજ વસૂલ કરવાનું હોય તો વર્ષના અંતમાં ઉપાડ પર વ્યાજ ગણો.

22) આજૂ, બાજૂ અને કાજૂ એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેઓ નફો કે નુકસાન 2 : 2 : 1 ના પ્રમાણમાં વહેંચે છે. બધા ભાગીદારોએ ભવિષ્યમાં નફા - નુકસાનની વહેંચણીનું પ્રમાણ 3 : 2 : 1 કરવાનું નક્કી કર્યું છે. આ માહિતી પરથી ત્યાગની ગણતરી કરો.

23) વિસર્જન વખતે પેઢીની કુલ મિલકતો રૂા. 4,00,000 છે. જે પૈકી ચાલુ મિલકતો 40% છે. જેમાં રોકડ રૂા. 20,000 નો સમાવેશ થાય છે. સ્થિર મિલકતોના 120% રકમ ઉપજી, જ્યારે ચાલુ મિલકતોની 80% રકમ ઉપજી. ગણતરી બતાવી જરૂરી આમનોંધ લખો. બા.જે. જરૂરી નથી.



For More Papers Visit VisionPapers.in !!!

VisionPapers.in

24) ભાગીદારી અને ભાગીદારી પેઢીના વિસર્જન વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો (3 મુદ્દા).

**અથવા**

ભાગીદારી પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ નીચેની બાકીઓનો નિકાલ કેવી રીતે કરશો ?

(1) રોકાણ વધઘટ ભંડોળ

(2) પ્રોવિડન્ડ ફંડ

(3) નફા - નુકસાન ખાતાની ઉધાર બાકી

25) પ્રેરણા લિમીટેડે તા. 1-08-2017 ના રોજ રૂા. 100 ના એક એવા 9% ના 8,000 ડિબેન્ચર્સ મૂળકિંમતે બહાર પાડ્યા. જે તા. 31-07-2022 ના રોજ ડિબેન્ચર દીઠ રૂા. 120 ની કિંમતે પરત કરવાના છે. કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડતી વખતની અને પરત કરતી વખતની જરૂરી આમનોંધ લખો. બા.જે. જરૂરી નથી.

26) તા. 01-4-2014 ના રોજ પ્રખર લિમિટેડે 7.5% ના 8,000 કન્વર્ટિબલ ડિબેન્ચર દરેક રૂા. 200 ના ભાવે બહાર પાડ્યા. જે શરતો મુજબ 4 વર્ષ પછી ડિબેન્ચરની મૂળ કિંમતના બદલામાં રૂા. 10 નો એક એવા ઇક્વિટી શેર, 25 ટકાના પ્રિમિયમથી આપવામાં આવશે. તા. 1-4-18 ના રોજ નક્કી કરેલ શરત મુજબ બધા જ ડિબેન્ચર્સનું ઇક્વિટી શેરમાં રૂપાંતર કરવામાં આવ્યું. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. બા. જે. જરૂરી નથી.

**અથવા**

શેર અને ડિબેન્ચર વચ્ચેના તફાવતના ત્રણ મુદ્દા લખો.

## વિભાગ - D

■ **નીચેના 27 થી 30 પ્રશ્નોના માગ્યા મુજબ ગણતરી કરી જવાબ આપો. દરેક પ્રશ્નના 4 ગુણ છે.** **[16]**

27) પૂજા અને પ્રાર્થનાની પેઢીની મૂડી રૂા. 8,00,000 છે અને અપેક્ષિત વળતરનો દર 12% છે. છેલ્લા ત્રણ વર્ષનો નફો અનુક્રમે રૂા. 1,00,000, રૂા. 1,40,000



For More Papers Visit VisionPapers.in !!!

અને રૂા. 90,000 છે. પાઘડીનું મૂલ્ય છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ અધિક નફાના 2 વર્ષની ખરીદીને આધારે નક્કી કરવાનું છે. તો પાઘડીનું મૂલ્ય શોધો.

**28)** સન લિમિટેડના તા. 31-3-2016 અને તા. 31-3-2017 ના રોજ પુરા થતા વર્ષના નફા નુકસાનનાં પત્રકો નીચે પ્રમાણે આપવામાં આવેલા છે. તેના આધારે તુલનાત્મક નફા - નુકસાનનું પત્રક બનાવો.

તા. 31-3-2016 અને તા. 31-3-2017 ના રોજ પુરા થતા વર્ષના નફા નુકસાનનાં પત્રકો નીચે પ્રમાણે આપવામાં આવેલ છે.

| વિગતો | નોંધ નંબર | તા. 31-3-2017 રૂા.માં | તા. 31-3-2016 રૂા.માં |
|---|---|---|---|
| વેચાણની ઉપજો | | 16,00,000 | 14,00,000 |
| અન્ય આવકો | | 3,00,000 | 2,50,000 |
| ખર્ચાઓ | | 9,60,000 | 7,20,000 |

આવકવેરાનો દર 30% હતો.

1.08

**29)** જનતા લિમિટેડની નીચે આપેલી વિગતોના આધારે ચાલુ ગુણોત્તર અને પ્રવાહી ગુણોત્તર ગણો.

| **વિગત** | **રકમ ₹** | **વિગત** | **રકમ ₹** |
|---|---|---|---|
| રોકડ અને રોકડ સમકક્ષ | 1,80,000 | લેણદારો | 2,00,000 |
| દેવાદારો | 1,20,000 | દેવી હૂંડી | 1,00,000 |
| લેણીહૂંડી | 60,000 | ખર્ચ ચૂકવવાના બાકી | 80,000 |
| સ્ટોક | 1,40,000 | કરવેરાની જોગવાઈ | 80,000 |
| ચાલુ રોકાણો | 1,00,000 | | |

41.08

**અથવા**



VisionPapers.in
For More Papers Visit VisionPapers.in !!!

કર્ણાવતી લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે દેવાદારોનો ઉથલો અને લેણદારોનો ઉથલો શોધો.

| વિગત | રકમ ₹ |
|---|---|
| ઉધાર-વેચાણ | 48,00,000 |
| રોકડ વેચાણ | 12,00,000 |
| શરૂનાં વેપારી લેણાં | 2,30,000 |
| શરૂનાં વેપારી દેવાં | 3,60,000 |
| રોકડ ખરીદી | 4,00,000 |
| કાચો નફો | 12,00,000 |
| આખરનાં વેપારી લેણાં | 1,70,000 |
| કુલ ખરીદી | 30,00,000 |
| આખરનાં વેપારી દેવાં | 4,80,000 |

30) નીચેની પરાગ કંપનીની વિગતોના આધારે કામગીરી પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો.

| વિગત | રકમ ₹ |
|---|---|
| ચાલુ વર્ષનો નફો | 3,20,000 |
| કરવેરાની જોગવાઈ | 30,000 |
| સૂચિત ડિવિડન્ડ | 60,000 |
| માંડી વાળેલ પાઘડી | 35,000 |
| માંડી વાળેલ ઘસારો | 47,000 |
| મિલકત વેચાણની ખોટ | 43,000 |
| મળેલ ભાડું | 45,000 |
| મળેલ ડિવિડન્ડ | 65,000 |
| ચાલુ મિલકતોમાં વધારો | 1,00,000 |
| ચાલુ દેવામાં ઘટાડો | 90,000 |

**અથવા**



For More Papers Visit VisionPapers.in !!!

નર્મદા કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે રોકાણની પ્રવૃત્તિનો રોકડ પ્રવાહ શોધો.

| વિગત | રકમ ₹ |
|---|---|
| યંત્રોની શરૂની બાકી | 4,50,000 |
| યંત્રોની આખરની બાકી | 4,00,000 |
| વેચેલ યંત્રની ચોપડે કિંમત | 25,000 |
| યંત્રો પર ગણેલ ઘસારો | 50,000 |
| યંત્રોની વેચાણ કિંમત | 15,000 |

## વિભાગ - E

**નીચેના 31 થી 33 નિબંધ પ્રકારના પ્રશ્નો છે. માગ્યા મુજબ જવાબ લખો. દરેક પ્રશ્નના 8 ગુણ છે.**

**[24]**

31) A અને B, 2 : 1 ના પ્રમાણમાં નફો - નુકસાન વહેંચી લેતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2018 ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

| મૂડી-દેવા | | રકમ ₹ | મિલકત લેણા | | રકમ ₹ |
|---|---|---|---|---|---|
| મૂડી : | | | પ્લાન્ટ-યંત્રો | | 80,000 |
| A | 80,000 | | મકાન | | 50,000 |
| B | 40,000 | 1,20,000 | સ્ટોક | | 17,000 |
| અનામત ભંડોળ | | 21,000 | દેવાદારો | 50,000 | |
| લેણદારો | | 75,000 | −ઘા.ખા. અનામત | 4,000 | 46,000 |
| દેવી હૂંડી | | 10,000 | રોકડ / બેંક | | 33,000 |
| | | **2,26,000** | | | **2,26,000** |

C ને તા. 1-4-2018 થી નવા ભાગીદાર તરીકે દાખલ કરવામાં આવ્યો જે નીચેની શરતોએ પ્રવેશ મેળવ્યો.



For More Papers Visit VisionPapers.in !!!

(1) C ને 1/4 ભાગે પેઢીમાં પ્રવેશ મેળવશે. જે A અને B પાસેથી 1 : 2 ના પ્રમાણમાં મેળવશે.

(2) C તેના ભાગે પ્રમાણસર મૂડી લાવશે.

(3) C તેના ભાગની પાઘડી રોકડમાં લાવશે. પેઢીની પાઘડીનું મૂલ્યાંકન રૂા. 1,80,000 કરવામાં આવ્યું.

(4) કાયમી મિલકતો 10% ઘસારાને પાત્ર છે.

(5) બધા જ દેવાદારો સદ્ધર છે.

(6) વીમા પ્રિમિયમના રૂા. 3,000 આવતા વર્ષ માટે આગળ લઈ જવાના છે.

જરૂરી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરો.

**32)** E, F, G 4 : 3 : 3 ના પ્રમાણમાં નફો - નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. 'E' તા. 31-3-2018 ના રોજ નિવૃત્ત થાય છે. તે દિવસનું પાકું સરવૈયું નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

**પાકું સરવૈયુ**

| જવાબદારી | | રકમ ₹ | મિલકતો | રકમ ₹ |
|---|---|---|---|---|
| મૂડી : E | 8,000 | | પાઘડી | 1,000 |
| F | 5,000 | | જમીન-મકાન | 6,000 |
| G | 2,000 | 15,000 | ફ્રી હોલ્ડ મિલકત | 3,000 |
| સામાન્ય અનામત | | 2,000 | ફર્નિચર | 3,000 |
| લેણદારો | | 8,000 | સ્ટોક | 6,600 |
| દેવી હૂંડી | | 2,000 | દેવાદારો | 7,000 |
| | | | રોકડ | 400 |
| | | **27,000** | | **27,000** |

ભાગીદારી કરારમાં થયેલ જોગવાઈ અને ભાગીદારોએ નક્કી કર્યા મુજબ, ભાગીદાર નિવૃત્ત થાય ત્યારે

(1) પેઢીની પાઘડીની કિંમત રૂા. 7,000 નક્કી કરવી.

(2) જમીન-મકાનની રૂા. 7,000 અને ફર્નિચરની રૂા. 2,000 કિંમત નક્કી થઈ.



VisionPapers.in
For More Papers Visit VisionPapers.in !!!

(3) સ્ટોક 10% વધુ કિંમતે બતાવેલ છે.

(4) E ને રૂા. 5,000 તરત જ ચૂકવી દેવા અને બાકીની રકમ લોન તરીકે રાખવી.

(5) F અને G એ 'E' ને ચૂકવવા માટે અને રૂા. 2,000 કાર્યશીલ મૂડી તરીકે (રોકડ) રાખવા માટે સરખે હિસ્સે જરૂરી રોકડ લાવવાની રહેશે.

જરૂરી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરો.

**33)** નેશનલ ટેક્ષ્ટાઇલસ લિમિટેડે રૂા. 10 નો એક એવા 12,00,000 ઈક્વિટી શેર બહાર પાડ્યા જેના પર નીચે મુજબ રકમ ચૂકવવાની હતી.

| | |
|---|---|
| અરજી વખતે શેર દીઠ | ₹ 4 |
| મંજૂરી વખતે શેર દીઠ | ₹ 4 |
| છેલ્લા હપ્તા વખતે શેર દીઠ | ₹ 2 |

કંપનીએ જાહેર જનતામાંથી 15,50,000 ઈક્વિટી શેર માટે અરજીઓ મળી. વધારાની મળેલ અરજીઓ નામંજૂર કરી તેના પર અરજી વખતે મળેલ નાણાં અરજદારોને પરત કરવામાં આવ્યા.

શાહ કે જેના 2,000 શેર મંજૂર કરવામાં આવ્યા હતા તેણે છેલ્લા હપ્તા વખતની રકમ ચૂકવી ન હતી. કંપનીએ શાહના શેર જપ્ત કર્યા અને બધા જ શેર, શેરદીઠ રૂા. 7.50 લેખે પુરેપુરા ભરપાઈ થયેલા તરીકે ફરી બહાર પાડ્યા. જે બધા જ શેર ઠાકરે ખરીદી લીધા હતા.

ઉપરના વ્યવહારો નોંધવા કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો (બા. જે. જરૂરી નથી).

**અથવા**

ભારત ફુડ પ્રોડક્ટ્સ લિમિટેડે 80,000 ઈક્વિટી શેર શેરદીઠ રૂા. 10 ના ભાવે જાહેર જનતામાં બહાર પાડ્યા. કંપનીએ નીચે મુજબ રકમ મંગાવી હતી.

| | |
|---|---|
| અરજી વખતે | ₹ 4 |
| મંજૂરી વખતે | ₹ 3 |
| આખરી હપ્તા પેટે | ₹ 3 |



For More Papers Visit VisionPapers.in !!!

જાહેર જનતા પાસેથી કુલ 1,20,000 શેરની અરજીઓ મળી હતી. જેની કંપનીએ નીચે પ્રમાણે શેરની ફાળવણી કરી હતી.

32,000 શેર અરજદારોના પુરેપુરા શેર મંજૂર કર્યા 24,000 શેર અરજદારોનો એકપણ શેર મંજૂર ન કર્યા 64,000 શેર અરજદારોના 48,000 શેર મંજૂર કર્યા.

બધીજ રકમ સમયસર મળી ગઈ હતી. ઉપરની વિગતો પરથી કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો (બા. જે. જરૂરી નથી.).

## વિભાગ - F

■ **નીચેના 34 અને 35 નિબંધ પ્રકાર ના પ્રશ્નો છે. દરેકના 11 ગુણ છે.** **[22]**

**34)** શુભ અને લાભ એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2018 ના રોજ ના કાચા સરવૈયા અને હવાલાઓ પરથી વેપાર ખાતું, નફા-નુકસાન ખાતું, નફા-નુકસાનની ફાળવણી ખાતું, મુડી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરો.

**પેઢીનું તા. 31-03-2018 ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ ₹ | જમા બાકી | રકમ ₹ |
|---|---|---|---|
| ઉપાડ : | | મુડી ખાતાં : | |
| શુભ | 4,800 | શુભ | 24,000 |
| લાભ | 3,200 | લાભ | 16,000 |
| વ્યવસ્થિત ખરીદી | 1,06,000 | વેચાણ | 2,00,000 |
| માલ સ્ટોક (31-3-18) | 28,000 | દેવું | 30,000 |
| લેણું | 48,000 | નમૂનાથી વહેંચેલ માલ | 2,000 |
| મજૂરી-પગાર | 10,000 | બેંક ઓવરડ્રાફ્ટ | 14,000 |
| વેપાર ખર્ચા | 16,000 | | |
| મકાન | 50,000 | | |
| ફર્નિચર / ફિટીંગ્સ | 10,000 | | |



For More Papers Visit VisionPapers.in !!!

| | | | |
|---|---|---|---|
| ઓફીસ સાધનો | 4,000 | | |
| પેકિંગ સામગ્રીનો સ્ટોક | 4,000 | | |
| રોકડ સિલક | 2,000 | | |
| | **2,86,000** | | **2,86,000** |

**હવાલાઓ :**

(1) મૂડી પર 8% લેખે અને ઉપાડ પર 12% લેખે વ્યાજ ગણવાનું છે. શુભે દર માસના અંતે રૂા. 400 અને લાભે તા. 1-10-2017 ના રોજ ઉપાડ કર્યો હતો.

(2) રૂા. 10,000 ના ઉધાર વેચાણની નોંધ કરવાની બાકી છે તથા માર્ચ 2018 ની વેચાણ નોંધનો સરવાળો ભૂલથી 2,000 રૂા. વધુ ગણેલ છે.

(3) રૂા. 2,000 ની વધારાની ઘાલખાધ માંડી વાળો અને 5% ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(4) રૂા. 4,000 નું ફિટિંગ્સ નકામું થઈ ગયું છે. જેની ચોપડે નોંધ કરવાની બાકી છે.

(5) એક ગ્રાહકને માલ પુરો પાડવાનો કરાર પૂરો નહિ કરી શકવા બદલ કોર્ટે રૂા. 4,000 નો દાવો મંજૂર કર્યો છે.

(6) ચૂકવવાની બાકી મજૂરી રૂા. 2,000 મજૂરી ખાતે નોંધ્યા છે. પરંતુ ચૂકવવાની બાકી મજૂરી ખાતું કાચા સરવૈયામાં નોંધવાનું રહી ગયું છે



For More Papers Visit VisionPapers.in !!!

35) નીચેની બાકીઓ સ્ટાર લિમિટેડના ચોપડામાંથી લેવામાં આવી છે. આ બાકીઓ પરથી તા. 31-03-2018 ના રોજનું પાકું સરવૈયું કંપની ધારા 2013 ના પરિશિષ્ટ III મુજબ તૈયાર કરો.

**તા. 31-03-2018 ના રોજનું પાકું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ ₹ | જમા બાકી | રકમ ₹ |
|---|---|---|---|
| મળવાનું બાકી વ્યાજ | 3,000 | વેપારી દેવાં | 30,000 |
| પ્લાન્ટ - યંત્રો | 6,00,000 | લાંબા ગાળાની જોગવાઈઓ | 60,000 |
| રોકડ હાથ પર | 37,000 | અનામત અને વધારો | 1,10,000 |
| ટ્રેડ માર્ક | 20,000 | અન્ય ચાલુ જવાબદારીઓ | 25,000 |
| દેવાદારો | 42,000 | ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં | 24,000 |
| 10% ના નર્મદા બોન્ડ | 70,000 | શેર મૂડી | 3,50,000 |
| છૂટા ભાગો | 18,000 | ટૂંકા ગાળાની જોગવાઈઓ | 35,000 |
| ટેલિફોન ડિપોઝીટ | 30,000 | લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં | 1,20,000 |
| મ્યુચ્યુઅલ ફંડના યુનીટ (કામચલાઉ) | 10,000 | અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ | 76,000 |
| | **8,30,000** | | **8,30,000** |

◆◆◆



For More Papers Visit VisionPapers.in !!!